# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-10-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના

ગુજરાતના બાળકો વિજ્ઞાન અને પ્રોદ્યોગોકીના ક્ષેત્રોમાં ગુણવત્તાપૂર્ણ શિક્ષા મેળવી શકે તે માટે રાજ્ય સરકારે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી કરી છે. આ યોજના હેઠળ ધો.11 અને ધો.12માં વિજ્ઞાન વિષય પસંદ કરનારા છાત્રોને બે વર્ષમાં કુલ રૂ. 25 હજારની સહાય આપવામાં આવે છે. આ યોજના થકી કચ્છમાં અનેક વિદ્યાર્થીઓ વિજ્ઞાનક્ષેત્રેમાં કારર્કિદી બનાવવાના સપના સાકાર કરી શક્યા છે.

કચ્છની વાત કરીએ તો, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત કચ્છના 1 હજાર 922 વિદ્યાર્થીઓ લાભ મેળવી રહ્યા છે. જેને અત્યારસુધી રૂ. 1 કરોડ 92 લાખ 20 હજારની સહાય ચુકવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## ધુડખર અભયારણ્ય

કચ્છના નાના રણમાં આવેલું ધુડખર અભયારણ્ય પર્યટકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આશરે 4 હજાર 953 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા અભયારણ્યને નિહાળવા માટે દર વર્ષે હજારો પ્રવાસીઓ આવે છે. 7 ઑક્ટોબરથી 14 જૂન સુધી પ્રવાસીઓ અહીં કુદરતી સૌંદર્ય અને ધુડખરનું નિરીક્ષણ કરી શકશે.

આ અભયારણ્યમાં ધુડખર ઉપરાંત રણ લોકડી, વરુ અને અનેક પ્રકારના જંગલી પ્રાણીઓ જોવા મળે છે. શિયાળાની સિઝનમાં અહીં મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓનંણ આગમન

થતું હોવાથી તે પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. 2024ની ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા 7,672 નોંધાઈ છે, જે સતત વધતી જઈ રહી છે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં થીમટીક ડે પ્રોગ્રામ

વિકાસ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે ગાંધીધામના ડૉ.બાબાસાહેબ આંબેડકર કન્વેન્સન સેન્ટર ખાતે થીમટીક-ડે પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આયુષ્માન કાર્ડ વિતરણ, પી.એમ. સ્વનિધિ લાભાર્થીઓને ચેક વિતરણ , ગ્રીન નવરાત્રી વિજેતાઓને અને સ્વચ્છતા હિ સેવા અંતર્ગત વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર વિતરણ કરાયા હતા. આ કાર્યક્રમમાં જુદી જુદી ગ્રાન્ટો માંથી અંદાજે ૮.૪૦ કરોડના ખર્ચે જુદા જુદા ૩૬ રસ્તાના કામો તથા કેટલ પોન્ડના કામોનું ઈ-ખાતમૂહૂર્ત ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી તથા મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાનીના હસ્તે કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## નખત્રાણા વિકાસ સપ્તાહ

નખત્રાણા તાલુકાના વિગોડી ગામે વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત 83 લાખના ખર્ચે નિર્માણ થનાર એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે કરાયું હતું. સાથે સાથે ધારાસભ્યએ ગામની વિષ્ણુ સમાજવાડીમાં ડોમના નિર્માણ માટે રૂપિયા પાંચ લાખ ફાળવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના ચેકડેમ નર્મદાના પાણીથી ભરવામાં આવશે, તે માટે યોજનાનું કામ પ્રગતિમાં છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટીમાં છાત્ર અભિવાદન

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં પીએચ.ડી.ની ઉપાધિ મેળવનારા છાત્રોનો અભિવાદન સમારોહ યોજાયો હતો. યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ

વિભાગ દ્વારા યુનિવર્સિટીના દીક્ષાંત સમારંભમાં પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરનારા 30 જેટલા સંશોધકનું તેમના માતા-પિતા / વાલીઓ, પીએચ.ડી. માર્ગદર્શકો, બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્યો, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સભ્યો, એકેડમિક કાઉન્સિલ સભ્યો, ડીનો તથા વિભાગાધ્યક્ષો, ટાચિંગ ફેકલ્ટી તથા વિદ્યાર્થિનીઓની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં અન્નકૂટોત્સવ

અન્નકૂટોત્સવ વિવિધ સંપ્રદાયો તરફથી મંદિરોમાં ભક્તિભાવ સાથે નવવર્ષના પ્રથમ દિવસે કરવામાં આવે છે. આ વર્ષે અન્નકૂટ ઉત્સવની સાથે દીપાવલિના દિવસે ભુજમાં 1 લાખ 51 હજાર દીવડાથી ઝગમગી ઉઠશે. આ વર્ષે ભુજ સ્વામિનારાયણ નૂતન મંદિરને પંદર વર્ષ થયા છે તેની સાથે શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં દીપોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભુજ મંદિરના કાર્યવાહક સંત કોઠારી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું હતું કે, આ નૂતન સ્વામિનારાયણ મંદિરના 15 વર્ષ દરમ્યાન યોજાયેલા અન્નકુટ ઉત્સવો દરમ્યાન 25 લાખથી વધારે ભક્તોએ ભુજ મંદિરના પ્રસાદનો લાભ લીધો છે. આ વર્ષે અન્નકૂટ બનાવવા માટે કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં વૈજ્ઞાનિક મેળો

ગાંધીધામની ગણેશનગરમાં આવેલી સરકારી માધ્યમિક શાળા ખાતે બીઆરસી દ્વારા તાલુકા બ્લોક કક્ષાનો વૈજ્ઞાનિક મેળો યોજાયો હતો, જેમાં જુદા-જુદા પાંચ વિભાગમાં 80 કૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ પ્રર્દશનમાં 160 બાળવૈજ્ઞાનિકએ ભાગ લીધો હતો. આ મેળામાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણને સંલગ્ન વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરાઈ હતી તથા વિજેતા છાત્રોને પુરસ્કાર એનાયત કરાયા હતા.

---------------------------------------------------------------------------------------

## હવામાન

દિવાળીના સપરમા દિવસો નજીક છે ત્યારે કચ્છમાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડક અનુભવાઇ રહી છે. દિવસ દરમિયાન હજુ પણ સામાન્ય ગરમી લોકો અનુભવ કરી રહ્યા છે. આજે નલિયામાં 18.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતા અબડાસા પંથકના આ ગામમાં ઠંડીનો ચમકાનો લોકોએ અનુભવ્યો હતો. ગઇકાલે 34.4 ડિગ્રી મહત્તમ તાપમાન ભુજનું નોંધાતા જ રાજ્યનું ત્રીજા નંબરનું ગરમ મથક બન્યું હતું. હવામાન નિષ્ણાતોના મતે આ વખતે શિયાળાનું આગમન વહેલું થશે, પણ માર્ચ માસ એટલે કે, હોળીના પર્વ સુધી શિયાળો ચાલશે.

---------------------------------------------------------------------------------------

## બીએસએફને ટીવી સેટ અર્પણ

ભુજ બી.એસ.એફ. કેમ્પ ખાતે કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ દ્વારા બી.એસ.એફ.ને 10 ટીવી સેટ અપાયા હતા.તાજેતરમાં ઓપરેશન સિંદૂર દરમ્યાન જિલ્લાની આંતરરાષ્ટ્રીય સરહદે લશ્કરી મથકો પર ટીવી સેટની જરૂરિયાત હોવાનું જણાતા ક.જિ.ગ્રા.વિ. સમિતિના પ્રમુખ અરવિંદ જોશીની પ્રેરણા તથા પ્રયાસોથી 10 ટીવી સેટ ભેટ અપાયા હતા.

---------------------------------------------------------------------------------------